થએલી છે. દરીવાના મોજા અસલ દરી-
નાથી જુદા કેમ કહેવાય ?

( નુર નામે રસુલ મકબુલ.)

મતલબ કે પંજતન પાક ખરેખર ખુદાવંદ-
તઆલાનું સાકાર સ્વરૂપ છે.

સ—કુતુબ તારાનું વરણન આપેલું કયા શાસ્ત્રમાં છે ?

જ—સતવેણી નામે ગ્રંથમાં.

સ—તેમાંથી તે વીશે પાઠ બોલો.

## કલામે શરીફ.

જ— આપો આપ સીરજણહારા,
પાંચે તન શાહકા સણગારા;
સીતેર સાહસ્ત્ર બરસ જો હોઇ,
ઉપસે સીતારા અગોચર સોઇ.

સ—તેની માયના કરો.

જ—ખુદાવંદતઆલાએ પોતાનું નુર પાંચે તન (પંજ-
તન) માં જહુર કરયું અને તે કુતુબ તારો
૭૦ હજાર વરસ પ્રકાશ પામ્યો અને ૭૦ હજાર
વરસ આથમી ગયો. તેના પહેલાં તે નુરે
પંજતન લાહુતમાં સ્થીર હતું.

સ—કુતુબ તારાના નુર વીશે કાંઇ જાણ હતું ?

જ—૭૦ ઝુગરાના શીરસ્તો.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૮૯૯ થી ૯૦૨ એટલે ઇ૦ સન ૧૪૯૪
થી ૧૪૯૭ સુધી ૩ વરસ.

સ—પાંત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હઃ મઉલાના શાહ જુહરઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૯૦૨ થી ૯૧૫ એટલે ઇ૦ સન ૧૪૯૭
થી ૧૫૦૯ સુધી ૧૩ વરસ.

સ—છત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હઃ મઉલાના શાહ મુરાદ મીરઝા.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૯૧૫ થી ૯૨૦ એટલે ઇ૦ સન ૧૫૦૯
થી ૧૫૧૪ સુધી ૫ વરસ.

સ—સાડત્રીસમા ઇમામનું નામ કહો,

જ—હઃ મઉલાના શાહ જુલફીકારઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૯૨૦ થી ૯૨૨ એટલે ઇ૦ સન ૧૫૧૪
થી ૧૫૧૬ સુધી ૨ વરસ.

સ—આડત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હઃ મઉલાના શાહ નુરદીન અલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

